ગાંધીનગર સમાચાર



## જિંદગી બાવન પત્તાંની રમત છે,એક્કો દૂરી, બાદશાહ, ગુલામ ભાગ્ય તણી સોગાત છે, ન કહેશો કદી કે નબળાં પત્તાં આવ્યાં! શીખી લો કળા રમવાની, તો ભાગ્ય તમારી સાથ છે!

માનવ સભ્યતાના ઉદ્‌ગમકાળે પ્રકૃતિ જ માનવનું આશ્રયસ્થાન હતી. હર્યાભર્યા વનો એના વિશ્રામસ્થાન હતા. વૃક્ષની છાંયડીમાંથી નીતરતું બોધિસત્વ જ માણસને માંજતું રહ્યું.... કાળની કરવટ બદલાઈ ને આપણે દોડધામના માણસ બની બેઠા. પગવાળીને ઘડીક બેસવાનો જંપ ખરો?! બહાર ઘણું બધું જોયા કરીએ છીએ પણ પંડમાં કયારેક નજર કરી છે ખરી?? લેપટોપ ગળે વળગાડીને ફરનારો (અદ્યતન!) આદમી ચોવીસે કલાક જાણે ઓફિસ ઊંચકીને ફરતો ન હોય!! કમાવાની આંધળી ઘેલછાએ અર્થકામી બનેલા આજના માણસે એના આંતરજગત સાથેનો નાતો તોડી નાખ્યો છે. આપણને આપણા આંતરજગત તરફ થોડી ક્ષણ પણ વળવાનો વિચાર સરખો પણ આવતો નથી. પ્રત્યેકમાં બદલાવ લાવવાની પારાવાર શક્યતાઓ હોવા છતાં એવા ઢાંચામાં જકડાયો છે કે હવે પરિવર્તન પામવું એને માટે અશક્ય લાગે છે. દોસ્તો, હું અહીં કોઈ બાહ્ય બદલાવની વાત નથી કરતો રુપે રંગે તો બહુ બદલાયા પ... પણ હું તો આપણી ચેતનાનું પરિવર્તન કરવાનું કહું છું. આપણે આપણી જાતને ઘડવાની છે. ખુદનું નિર્માણ કરવાનું છે. આપણે આપણી નવી દુનિયાને સમજાવવાની છે. આપણાં માંહ્યલા કષાય - મેલને અવગણીને પંડમાં રહેલા ગુણ - અવગુણથી અવગત થવાનું છે. જરા... જાતને તો પૂછી જુઓ...!!

પ્રેમ કરવાની પણ આપણને કયાં ફુરસદ છે. અરે, ઘણા મા-બાપોને પોતાનું સંતાન કયા ધોરણમાં ભણે છે. એનો એમની પાસે કોઈ જવાબ પણ હોતો નથી!! શાળામાં બાળકને દાખલ કરી દીધું, ફી ભરી દીધી બસ એટલે પત્યું... અમારી જવાબદારી પૂરી... અમે છૂટ્ટા... કોઈ એવા વિરલ મા-બાપ હશે કે જે સંતાનની નાની-મોટી બાબતમાં સાચે જ રસ લેતાં હોય છે. શાળા વાલી-સંમેલન બોલાવે ત્યારે પણ મોટેભાગે મા-બાપ પરાણે એ મિટિંગમાં હાજર રહે અને એ પણ માત્ર નર્યા ક્રિયાકાંડ રુપે...

જીવનમાં ભલે રોજિંદાપણું હોય પણ આપણે ભાગે આવતા પ્રત્યેક કાર્યને પ્રેમ સાથે દિલ દઈને કરીએ તો દીપી ઊઠે... અરે, આપણે આસપાસ રહેતા માણસોના પણ કેવા ભાગલા પાડી દીધા છે. આ નાનો, આ મોટો આ શ્રીમંત આ ધીમંત... આપણે સમદૃષ્ટિથી જોવાનું પણ ચૂકી ગયા છીએ... સદંતર ભૂલી જ ગયા છીએ....માણસને માણસ તરીકે કદી જોઈએ છીએ ખરા ખરા?! પદાર્થની સાથે માણસનું પણ માપ કાઢતા થયા... આપણે માણસની કિંમત કરવા લાગ્યા... પ..ણ.. મૂલ્ય કરવાનું તો સાવ ભૂલી બેઠાં!! પ્રત્યેક જીવન ઈશ્વરનું બીજ છે એ ભૂલીને આપણે એને ચીજ માનતા થયા. આપણા સઘળા પર્યાયો બદલાયા - માણસનો ઉપયોગ કરવાનું - વાપરવાનું અને વસ્તુને પ્રેમ કરવાનું શીખ્યા!! એક માણસ બીજા માણસને નિજી સ્વાર્થ માટે વાપરે - શોષણ કરે એના જેવી કોઈ બીજી દયનીય હાલત ન હોઈ શકે.




આપણે અવિવેકી બન્યા. સારાસારનો વિવેક ગુમાવ્યો છે. મન મર્કટના તાલે નાચનારા-પોતીકી ઈચ્છાના સુવર્ણ મહેલમાં કેદ થયા છીએ. ઈશ્વરનો પણ ઉપયોગ કરવા લાગ્યા. સ્વાર્થ લોલુપ ઈચ્છાપૂર્તિના કાલાવાલાની ભીખ આપણી પ્રાર્થના બની!! આપણે તો ભવોભવના ભિખારી જ રહ્યા... આપણે કામમય-કામગ્રસ્ત (કામ Work/Sex)બન્યા છીએ. બહાનાંબાજી ચલાવનારા સાચ્ચા સોગઠીવીર છીએ. આ નગ્ન સત્ય સ્વીકારી વેળાસર મુકામે પહોંચવા દિશા બદલીએ... સાચેસાચ્ચા માણસ તો બનીએ જ...!!!

**સ્પર્શમણિ**

ભગવાન બુદ્ધે એક વખત પ્રશ્નોના જવાબમાં જીવનને માર્ગદર્શન આપતાં વચનો કહેલા.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સૌથી ધારદાર તલવાર કઈ? | ક્રોધ વચનો |
| સૌથી કાતિલ વિષ કયું ? | લોભ, તૃષ્ણા |
| સૌથી ભયાનક આગ કઈ ? | વાસના |
| સૌથી ભયંકર અંધારું કયું ? | અજ્ઞાન |
| સૌથી વધુ લાભ કોને મળે ? | દાનીએ, આપનારને |
| સૌથી વધુ રક્ષક ઢાલ કઈ ? | ધીરજ |
| સૌથી શ્રેષ્ઠ આયુધ કયું ? | ડહાપણ |
| સૌથી મોટો ચોર કોણ ? | કુવિચાર |
| સૌથી મૂલ્યવાન ભંડાર કયો ? | સદ્‌ગુણો |
| સૌથી સુંદર શું ? | ભલાઈ |
| સૌથી મોટો આનંદ કયો ? | મુક્તિ |

## અરાજકતાનો અંત આણવો આવશ્યક

### તંત્રીસ્થાનેથી....

છેલ્લા ત્રણ ચાર મહિનાથી ગુજરાત અરાજકતાના વાતાવરણમાં ધકેલાઈ ગયું છે. સૌથી પહેલાં મહેસાણા અને વીસનગર જેવાં ઉત્તર ગુજરાતનાં શહેરોમાં પાટીદાર આંદોલનના શ્રીગણેશ થયા ત્યારથી સતત એક યા બીજી જગ્યાએ આ ચળવળ ઓછા વધતા પ્રમાણમાં ચાલુ જ રહેવા પામી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જાહેર કરેલી યુવા વિકાસ યોજનાને મળવો જોઈએ એવો પ્રતિસાદ નથી મળ્યો. પાટીદાર સમાજે તો એને 'લોલીપોપ' ગણી રિજેક્ટ કરી દીધેલ છે. સામે પક્ષે અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં સમાવાયેલ જ્ઞાતિઓના આગેવાનો પણ અવારનવાર ઘુઘવાટા કરતા રહે છે. પાટીદાર સમાજને યેનકેન પ્રકારે ઓબીસી ક્વોટામાં ભાગ પડાવવો છે, જે અત્યાર સુધી સામાજિક અને શૈક્ષણિક સંદર્ભે પછાત ગણાયેલી જ્ઞાતિઓને એમના અનામત ક્વોટા ઉપર તરાપ જેવું લાગે છે. એટલે પાણી પહેલાં પાળ બાંધતા હોય એમ ઠાકોર, રબારી, પ્રજાપતિ કે ચૌધરી સમાજ જેવી લાભાર્થી જ્ઞાતિઓના પ્રતિનિધિઓ પ્રતિ-આંદોલનની ધમકી આપતા રહે છે. સરકાર આ બેઉ પ્રતિસ્પર્ધી જૂથોને હાથ ઉપર લેવા અને પોતાનો વક્કર યથાવત રાખવા આકાશપાતાળ એક કરી રહી છે. પાટીદારોની આડોડાઈ આનંદીબેનની પ્રકૃતિને અનુકૂળ આવે એવી નહીં હોવા છતાં તેઓ પાટીદારોની અંતર્નિહિત તાકાતને બરાબર પિછાનતાં હોઈ હજી સુધી કોઈ જલદ પગલાં લઈ શકાયાં નથી. હાર્દિક પટેલ આડેધડ, મન ફાવે તેવાં નિવેદનો ઝીંક્યે રાખે છે. સામે પક્ષે અલ્પેશ ઠાકોર નામે એક ક્ષત્રિય યુવાન તલવાર તાણીને ઊભા છે. બેઉ સરકારને પડકારતા ફરે છે અને કયારેય જોવા ન મળી હોય એવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ સરજી રહ્યા છે. પરિસ્થિતિ હાસ્યાસ્પદ છે એટલી જ સ્ફોટક પણ છે. હાર્દિકને એકલો અટૂલો પાડી દેવાના રાજકીય પ્રયાસો અંશતઃ સફળ જરુર થયા છે, પરંતુ પાટીદાર સમાજમાં એ 'હીરો' જરુર બની ગયો છે. વિશેષપણે નવયુવાનો અને વિદ્યાર્થીઓ તથા સ્ત્રીઓ પર એનો વિશેષ પ્રભાવ ઊભો થવા પામેલ છે. એથી મોટી સભાઓ કરવામાં જે રાજકોટના ક્રિકેટ સ્ટેડિયમમાં હોબાળો મચાવવામાં નિષ્ફળ ગયેલ હાર્દિક જયારે મહિલાઓને હવે થાળી વગાડવાનું પડતું મૂકી ધોકો લેવાની હાકલ કરે છે ત્યારે એનો પડ્યો બોલ ઝીલવા પાટીદાર સમાજની બહેનો તૈયાર થઈ જાય છે. સરકાર આવા ઢંગધડા વગરના, 'એટ રેન્ડમ' ચાલતા આંદોલનોના સૂત્રધારને છૂટો ફરવા દે છે, તે આશ્ચર્યકારક લાગે છે. આવું જ આંદોલન બીજા કોઈ સમાજના યુવાને ઊભું કર્યું હોત તો એની સામે કલાકોમાં પગલાં લેવાઈ ગયાં હોત. હાર્દિક પટેલને ઉંદરમાંથી વાઘ બનવામાં કદાચ સરકારે જ મદદ કરી છે. એના હાકલા-પડકારાથી દિલ્હી અને પટણા પણ પ્રભાવિત થયેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કેજરીવાલ તો શિષ્ટ ભાષામાં વિરોધ નોંધાવતા રહે છે; હાર્દિકમાં અડધા લાલુ યાદવ છે અને અડદા કેજરીવાલ. એ વારંવાર પોતાને રાજકારણમાં રસ નહીં હોવાની વાત કરે છે, પરંતુ છેલ્લા ચાર મહિના દરમિયાન વડાપ્રધાન અને મુખ્યમંત્રી જેટલો જ હાર્દિક પટેલ ચર્ચામાં રહ્યો છે. એ પરથી લાગે છે કે હાર્દિક પાછળ અને એની સામે ઓબીસી વર્ગોના પ્રવક્તા તરીકે પ્રસિદ્ધ થયેલ કલ્પેશ ઠાકોર પાછળ જરુર કોઈ મોટાં માથાં કાર્યરત હોવા જોઈએ. વિશેષ પણે પાટીદાર મહિલા મુખ્યમંત્રી જયારે નિષ્ઠાપૂર્વક ગતિશીલ ગુજરાતનું સપનું સાકાર કરવા પ્રયત્નશીલ હોય ત્યારે પાર્ટીના જ એમના પ્રતિસ્પર્ધીઓ અથવા ખુદ પાર્ટીના દિલ્હી બેઠેલા અગ્રણીઓ પાટીદાર આંદોલનને જીવંત રાખવા માગતા હોય તોયે કોને ખબર! આવી ગંદી રાજરમતનો ભોગ બનીને બાવીસ વરસનો કાચોકુંવારો પાટીદાર યુવાન એની અંગત કારકિર્દી જ હોડમાં મૂકી રહ્યો હોત તો જુદી વાત હતી. એના હાથમાં ઉંબાડીયું પકડાવી દેનારાઓ આખા ગુજરાતી શાંતિ ડહોળી રહ્યા છે. આશા રાખીએ કે હાર્દિક કે કલ્પેશ ઠાકોર આપણી દિવાળી ન બગાડે. સરકારે આ બેઉ વછેરાઓને કડકાઈપૂર્વક ખીલે બાંધવાની જરુર છે.

## હજુ છે આશ સૃષ્ટિની જયાં લગી ખીલે છે ફૂલો

આપણાં રોજિંદા જીવનમાં આપણે રૂચિ અનુસાર સમૂહ માધ્યમોના સંપર્કમાં આવતા રહીએ છીએ. અનેક પ્રકારના સમાચારો-Breaking News- ફંગોળાતા રહે છે. Social Media ના હસ્તવગા સાધનથી સંદેશાઓ મેળવાતા અને છૂટથી મોકલાતા રહે છે. આ બધી સવલતોને કારણે આપણી માહિતીમાં વૃધ્ધિ થતી રહે છે તે નિઃશંક છે. આ પ્રક્રિયાથી જ્ઞાનવૃધ્ધિ થાય છે કે કેમ તે હંમેશા ચર્ચાનો વિષય રહેલો છે. આ તમામ માધ્યમોના મોટા ભાગના સમાચારો જોતાં સાંભળતાં કે વાંચતા એક સામાન્ય બાબત નજર સામે તરી આવે છે. સમાચારોમાં વિસંવાદિતા અને વૈમનસ્ય વધારે તેવા અનેક સમાચારો સામે આવે છે. કેટલાક લોકો આ બાબતને ચિંતાજનક ગણાવે છે. કેટલાક લોકોના મનમાં આ પરિસ્થિતિ જોતાં નિરાશાનો ભાવ પ્રગટે છે. આ સ્થિતિના ઉપાય તરીકે અમુક ઉપચારકો ધર્મ કે સંપ્રદાયના નામે ઉપાય સૂચવતા રહે છે. ''અમારા ગુરુ'' પાસે આવો તો સર્વ તકલીફોનું નિવારણ ગુરુના દર્શન થકી જ થઈ જશે. આ પ્રકારના દાવા છૂટથી થાય છે. લોકોનો જુસ્સો વધે તેવા પ્રવચનો પણ ગોઠવાય છે. કેટલાક કિસ્સામાં તેની ઊંચી ફી વસુલ કરવામાં આવે છે. જેમ સમાજમાં સમસ્યાઓ ઊભી કરનારાની સંખ્યા વધે છે લગભગ તેટલી જ સંખ્યામાં અનેક લોકો ઈલાજ માટેના રેડીમેઈડ પેકેજ લઈને હાજર થાય છે. જાહેરાતોની ભરમાર થતી રહે છે. એકંદરે એવું ચિત્ર ઉપસે છે કે પ્રયત્નપૂર્વક ઉપસાવવામાં આવે છે કે સર્વ રીતે ખરાબ તથા પ્રદૂષિત કાળમાં (કળિયુગમાં) આપણે જીવીએ છીએ. સમગ્ર સમાજની કે મોટા ભાગના સમૂહની આવી તળિયે ગયેલી સ્થિતિ કેવી રીતે હોઈ શકે? માણસાઈના દીવા કદાચ ઝાંખા પડયા હોય પરંતુ અસ્ત થઈ ગયા હોય તેમ શી રીતે માની શકાય? પરમાત્માની એક વ્યવસ્થા પ્રમાણે રચાયેલી સૃષ્ટિ તદ્દન બેડોળ તથા બેરંગી થઈ હોય તેમ માની લેવું અઘરું છે. સૂર્યના ઉદય તથા અસ્ત થતા કિરણોની છડી પોકારવા આજે પણ ઉષા અને સંધ્યાના રંગો નજર સામે જ કોઈ અદ્‌ભૂત નઝારો પ્રગટ કરે છે. વિહંગોના ગાન વણથંભ્યા સંભળાય છે. શિશુના યોગક્ષેમ માટે માતાના વાત્સલ્યનું ઝરણું ક્ષીણ થયું નથી. બાળકની નિર્દોષતા અકબંધ જળવાઈ રહી છે. આથી છેક જ સ્થિતિ વણસી ગઈ છે અને હવે ત્યાંથી પાછા ફરી શકાય તેમ નથી તેવું માનવું કે મનાવવું ઉચિત લાગતું નથી. કવિ શ્રી બાલમુકુંદ દવેના શબ્દો યાદ આવે.

હજુ છે આશ સૃષ્ટિની
જયાં લગી ખીલે છે ફૂલો
ડાળે ડાળે વિહંગોને
શિશુસોહ્યા મનુફૂલો.




થોડા દિવસો પહેલાં જ કવિના આ આશાનું સિંચન કરે તેવા શબ્દોનું સમર્થન કરતી હોય તેવી એક ઘટના સમાચાર માધ્યમોમાં જોવા મળી. મહારાષ્ટ્રનાં ઘણાં વિસ્તારોમાં આ વર્ષે વરસાદના અભાવે આકરા દુષ્કાળની સ્થિતિ પ્રવર્તે છે. માનવી ઉપરાંત પશુ તથા પંખી પણ પાણી અને ખોરાકની તંગી અનુભવે છે. માણસો માટે અનાજની તેમજ પાણીની વ્યવસ્થા યેનકેન પ્રકારેણ થાય પરંતુ મુંગા પશુ તથા નિર્દોષ પક્ષીઓનું શું થાય? તેમની કાળજી કોણ કરે? આ કપરી સ્થિતિમાં કોલ્હાપુર નજીકના એક ગામના સાધારણ ખેડૂત અશોક સોનુલેએ એક અસાધારણ નિર્ણય કર્યો. આ સામાન્ય ખેડૂતે પોતાની કે પોતાના કુંટુંબીજનોની તકલીફ કે સમસ્યા સાથે ગગનવિહારી પક્ષીઓની ચિંતા પણ નિઃસ્વાર્થ ભાવે કરી. અશોક સોનુલેએ તેની એક નાની એવી વાડીમાં પાણીની થોડી સવલતને કારણે જુવારનો પાક તૈયાર કર્યો છે. લીલોછમ પાક જુવારના ડુંડા સાથે ઊભો છે. આ ખેડૂતે નિર્ણય કર્યો કે આ જુવારનો પાક તે લણી લેશે નહિ. અનેક પક્ષીઓ જે ખોરાકની શોધમાં આકાશમાં વિહરતા દેખાય છે તેમને જુવારના દાણાં ચણતા રોકવાનું કે અવાજ કરીને પંખીઓને ઉડાડી મૂકવાનું તેણે બંધ કર્યું. ઉલ્ટું આ ખેડૂતે થોડા પાણીના માટલા ખેતરમાં ખાસ પક્ષીઓની તૃષા છૂપાવવા ગોઠવ્યા. ''રામ કી ચીડિયા, રામ કા ખેત'' વાળી ઉકિત તેણે સાંપ્રત કપરા કાળમાં પણ પોતાના યજ્ઞસમાન કાર્યથી ખરી કરીને બતાવી. ''બહુરત્ના વસુંધરા''માં આજે પણ મહોરતું-મહેકતું આ માણસાઈનું તત્વ આપણી ડગુ ડગુ થતી શ્રધ્ધાને રોકે તેવું મજબૂત અને પાવક છે.

## તેરે મેર બીચ મેં કૈસા હૈ બંધન...

આચાર્ય રજનીશના એક પુસ્તકમાં પ્રશ્નોત્તરીમાં તેમને પ્રશ્નો પુછવામાં આવ્યા કે... દુનિયાની સૌથી બીભત્સ બાબત કઈ?

જવાબ : કજોડું

સવાલ : ૨ - દુનિયાની સૌથી નિંદનીય બાબત કઈ ?

જવાબ : એક ઘરમાં એક સાથે ન છૂટકે સાથે રહેતા પતિ-પત્ની.

હમણાં જ આવેલી ફિલ્મ 'દિલ ધડકને દો' શેફાલી છાયા અને અનિલ કપૂર. બંને પાસે પૈસો, દુનિયાને એવું જ લાગે કે આનાથી વિશેષ પ્રેમ કોઈ એકબીજાને કરી જ ના શકે. પોતાની એનિવર્સરી ઉજવવા માટે આખી ક્રુઝ બુક કરાવે છે પણ એક છત નીચે રહેવા છતાં વાતચીત ન થતાં ફક્ત ઉગ્ર બોલાચાલી અને ઝઘડા. બંનેને એકબીજા પર સંપૂર્ણ શંકા. અને મનનો આ ડર સતત બંનેની વચ્ચેનો તનાવ વધારતો જ રહે છે અને વાત મજાની એ કે બંનેના લવ મેરેજ.



વાત લવમેરેજ કે એરેંજ મેરેજની નથી પરંતુ બંનેની સમજણની છે. જયારે તમને ખબર જ છે કે મારો જીવનસાથી આ જ છે તો પછી એની સાથે શેનો રોજનો કકળાટ. અત્યારે ગુણવંત શાહના પુસ્તકમાં લખેલી વાત યાદ આવે છે... 'અત્યારના સમયમાં સાડી સાથે બ્લાઉઝ મેચ થાય છે. સાડી સાથે પગરખાં, ચાંલ્લો, બંગડી અને બક્કલનુ મેચિંગ કરવામાં ઓવ છે. ઘરની દિવાલ સાથે મેચિંગ પડદા, ફર્નિચર વગેરે પસંદ કરવામાં આવે છે માત્ર પતિ-પત્ની વચ્ચે મેચિંગ નથી, દુનિયામાં કંઈ કેટલાય લોકો પત્ની-પતિના સાથે તેમને બાંધી દેવામાં આવે છે. વાંક બંનેનો હોય છે પણ આપણને તો હંમેંશા આપણે જ સાચા લાગતાં હોઈએ છીએ. કયારેક આપણે આપણી પોતાની જાતને પણ સામેવાળાની જગ્યાએ મુકીને જોવા જોઈએ. તો ઘણાં અંશે ઘણા બધા ઝઘડા એમ જ સમાપ્ત થઈ જશે. ઉગ્ર ઝઘડા પછી મન પર જે ઘા પડે છે ને તે ઘા નથી ચચરતો, મલમ ચચરે છે.'

આપણા સમાજમાં લગ્ન ઉજવાય છે તેમ છૂટાછેડા જયારે ઉજવવામાં આવશે ત્યારે ખરા અર્થમાં ક્રાંતિ આવશે. આપણે ત્યાં અનાથાશ્રમો છે વિધવાશ્રમો છે, ઘરડાઘરો છે પણ એવા ઘરો કયાંય નથી કે જયાં કજોડાશ્રમો હોય. ગમે તેવું કજોડું કેવળ સાત ફેરાના અંચળા હેઠળ જીવનભર ટકી રહે છે અને માંડ માંડ નભી ગયેલું કજોડું મેરેજ ડેટની ઉજવણી વધારે ધામધૂમથી કરે છે. પતિ પત્નીમાંથી જે કેરેકટર જેટલી વધુ પીડા સહન કરે, જેટલા વધુ કોમ્પ્રોમાઈઝ કરે એટલી તેની વફાદારી વધુ કહેવાય. પરંતુ દનિયા જેને વફાદારી કહે છે, તે ઘણીવાર પોતાની જાત સાથેની બેવફાઈ હોય છે.

ભપકાદાર ભૂલની ભપકાદાર ઉજવણી થાય છે. બહારના લોકોની નજરે ન ચડે તે માટે પજવણીને ઉજવણીમાં ફેરવી નાખવામાં આવે છે.

બે વ્યક્તિ અગ્નિની સાક્ષીએ લગ્ન કરે, ભેગા થાય... ત્યારબાદ સમજાય કે 'કૈસા હે યે બંધન અન્જાના, તુને નહીં જાના, મૈંને નહીં જાના...' એટલે અગ્નિની સાક્ષી વગર નક્કી થાય કે ઘર ભાંગવું નથી, જેમ-તેમ કરીને જીવન વ્યતીત કરી નાખીએ... આમા ઘણીવાર સંતાનો પણ કેન્દ્રભૂત હોય છે... માત્ર સંતાનોને કારણે જ ટકી ગયેલા પરિવારોની સંખ્યા પણ ઓછી નહીં હોય...

જો સંસ્કાર અને સભ્યતા દંભી અંચળા હેઠળ 'ઈજ્જત' અને 'મા-બાપની આબરુ' જેવા શબ્દની પરવા ન હોત તો, ઘણા ખરા પતિ-પત્ની કયારના છૂટા થઈ ગયાં હોત...

માતા-પિતા પોતાના સંતાનના લગ્ન વખતે જેટલી મહેનત કરે છે, કુંડળી મેળવે છે... ઘરેણાં લાવે છે... ભોજન સમારંભ યોજે છે... ઘર શણગારે છે... એ જ માતા પિતા લગ્ન વિચ્છેદ થવાની અણી પર સંતાનોના માથે જ ટોપલો શાને ઢોળતાં હશે? તમારો પુત્ર કે પુત્રી જે વ્યક્તિ સાથે અજંપાભરી અને મૂંઝવણભરી મૂંગી યાતનાસભર જીંદગી વિતાવતા હોય તેને હવે સાથ આપવાની બદલે નસીબના હવાલે કેમ કરી દેતા હશે?

અલબત્ત આજના 'દો મિનિટ મેગી'વાળા ફાસ્ટ જેટ યુગમાં મોટાભાગના નવયુવકો અને યુવતીઓ સહનશીલતા, શાણપણ અને LET GO ની ભાવનાને વિસારે પાડી દઈને ચાલી રહ્યા છે... મહિનામાં એકવાર ખવરાવવા નથી લઈ જતો અને મલ્ટીપ્લેક્સમાં મૂવી જોવા ન લઈ જનાર સાથી પ્રત્યે નારાજગી - અને સામા પક્ષે જિન્સ ટીશર્ટ ન પહેરતી પત્ની ના કારણે સંબંધ તૂટવા જેવી વાહિયાત વાતો સાંભળવામાં આવે છે.

અને છૂટાછેડાની જે પ્રક્રિયા છે, તેમાં જ આક્ષેપ-પ્રતિઆક્ષેપ બંને પરિવાર દ્વારા થાય છે... તે કાનમાંથી કીડા પડે તેવી હોય છે, બેડરુમની વાતો કોર્ટરુમમાં વકીલ મરી-મસાલા સાથે રજૂ કરીને પોતાના પક્ષને સાચો ઠેરવા માટે કરતાં હોય છે....




લગ્ન એ પવિત્ર સંસ્થા છે, તેના કેન્દ્રમાં પ્રેમ હોય છે, તેથી જ એ પવિત્ર છે... લગ્નથી બે પરિવાર મળે છે, ભાઈ-બહેન, મમ્મી, ફોઈ, કાકા, માસા સુધી વિસ્તરે છે... આ તંતુઓના જાળામાં જયાં પ્રેમતત્ત્વની ઉણપ કે ગેરહાજરી હોય ત્યાં સંબંધ આપોઆપ ખરી પડે છે... પતી-પત્ની વચ્ચે જ તાલમેલ ન હોય ત્યાં ઉપરોક્ત સંબંધની તો વાતો જ શી કરવી?

મૈત્રી વગરના લગ્નસંબંધ ફિક્કા જ પડવાના. વફાદારીનો ખરો આધાર મિત્રતા-સખ્યભાવ હોય... સપ્તપદી નહીં.... પતિ-પત્ની મિત્રો ન બને તો લગ્નજીવન, પ્રેમતત્વ વરાળ થઈને બાષ્પીભવન થઈ જતું હોય છે... એકબીજા પ્રત્યે અણગમો સેવનારા પતિ-પત્ની ન છૂટકે જીવનભર સાથે રહે તેમાં સાક્ષાત્ જીવન અપમાનિત થતું હોય છે...

ચાણક્ય એ તેમના સમયમાં છૂટાછેડા માટે 'મોક્ષ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે...

એક વ્યક્તિને બીજી વ્યક્તિ પર લાદવી કે લાદેલી રાખવી તે મહાપાપ છે... શ્રી વિપીન પરીખની એક કવિતામાં આવા મૂંગા અને વેંઢારેલા લગ્નજીવનની ચીસ નીકળે છે...

**તું કોઈ અમેરિકન પત્નીની જેમ**
**મને છોડીને ચાલી તો ન ગઈ...**
**તેં મને**
**અનેક માણસોની વચ્ચે વકીલોની સહારે**
**કોર્ટમાં બદનામ પણ ન કર્યો...**
**ન તો કયારેય આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી...**
**માત્ર એક દિવસ વાત-વાતમાં**
**તું એટલું જ બોલી ગઈ :**
**''આવતે ભવે પતિ તરીકે તમે તો નહીં જ !''**

- jayuoza@gmail.com

## વસ્તુ નાની હોય કે મોટી, મહત્ત્વ આપનાર અને લેનાર વચ્ચેના સંબંધોનું છે ઉલ્લાસ અને આનંદ સાથે મિત્રો-સ્વજનોને કશુંક આપવાનો આનંદ અનેરો છે

''ડેડી, જુઓ તો, આ ટોપ મને કેવું લાગે છે?'' ધ્વનિએ પૂછ્યું.

''બેટા, ખુબ સુંદર કલર-ડીઝાઈન છે.''

''આ જોઈને તમને કોઈ યાદ આવે છે?'' ફરી પ્રશ્ન થયો.

''ના બેટા, કોઈનું ખાસ સ્મરણ થતું નથી.'' ડેડીએ કહ્યું.

''અરે યાદ કરો, મને મારા બાળપણમાં એક સાથે ચણીયા-ચોળી કોણે ભેટ આપ્યા હતા?'' ધ્વનિના પ્રશ્નના ઉત્તરમાં એની મમ્મી મનીષા જોડાઈને યાદ કરાવ્યું. ''ધ્વનિ નાની હતી ત્યારે નવરાત્રીમાં માધવી ભાભીએ એને એક સાથે પાંચ ચણીયા ચોળી ગિફટમાં આપ્યા હતા ને, એમાંથી જ એકના કાપડનો ફરી ઉપયોગ કરીન આ ડીઝાઈનર ટોપ બનાવ્યું છે.''

માધવી ભાભી શહેરના એક ગર્ભશ્રીમંત અને પ્રતિષ્ઠિત પરિવારના પુત્રવધૂ. અત્યંત લાગણીશીલ અને પ્રેમાળ વ્યક્તિત્વ અવાજમાં હંમેશા ઉમળકાનો રણકાર અને ચહેરો સદાયે હસતો જ હોય. સંગીત-નૃત્ય-નાટ્ય જેવી પ્રવૃત્તિમાં એ પરંપરાગત કલાકારોની હસ્તકલામાં વિશેષ રસ એ રૂચિ. એમના ગૌરવશાળી અને ઠસ્સાદાર વ્યક્તિત્વની સુગંધ સમાજમાં પથરાયેલી હતી. એ જ રીતે સમાજમાં પાંચમાં પુછાય તેવું એમના પતિનું વ્યક્તિત્વ હતું. બાહોશ-કાર્યનિષ્ઠ અને મિલનસાર સ્વભાવના કારણે અનેક સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલાં હતા.




ધ્વનિ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી હતી. મમ્મી મનીષા અને પપ્પા સાથે મોજ મજાની જિંદગી માણી રહેલી આ દીકરી એના દાદા-દાદીની પણ લાડકી હતી. એની ઉંમરની તમામ દીકરીઓને હોય તેવા, નવા નવા વસ્ત્રો પહેરવાના, આભૂષણોના શણગાર કરવાના શોખ એને પણ હતા. એના મમ્મી - પપ્પા પણ એમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ અને કલા પ્રવૃત્તિઓના શોખના કારણે બહોળું મિત્રવર્તુળ ધરાવતા હતા. એવા જ એક પારિવારિક સંબંધો હતા માધવીભાભી અને એમના પતિ સાથેના.

માધવીભાભીને ગુજરાતના લોક કલાકારો અને હસ્તકલાના કારીગરોની પરંપરાગત કલા માટે વિશેષ આદર હતો. એમની કલા ઘર-ઘર સુધી પહોંચે અનેએ રીતે આ કારીગરો આર્થિક રીતે વધુ સમૃદ્ધ થાય તે દિશામાં પ્રયાસ રુપે એમને એક વિશેષ મેળાનું આયોજન કર્યું હતું. ગુજરાતના વિવિધ વિસ્તારોના હસ્તકલા નિષ્ણાતો શહેરમાં આવ્યા હતા. તેમના આ આયોજન દરમિયાન ધ્વનિના મમ્મી-ડેડીનો પરિવારિક સંબંધ માધવી ભાભી સાથે જોડાયો હતો.

એક દિવસે ઘરમાં એક નિમંત્રણ કાર્ડ આવ્યું, મનીષાએ ખોલીને જોયું તો ખ્યાલ આવ્યો કે માધવીભાભી હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓની એક ગ્રામાહાટનો આરંભ કરી રહ્યા છે. આનંદના આ અવસરમાં તેઓએ પણ શુભકામના આપી.

માધવીભાભીની આ ગ્રામહાટમાં ગુજરાતના હસ્તકલાના કારીગરોએ બનાવેલી વૈવિધ્યપૂર્ણ ચીજવસ્તુઓ વેચાણ માટે મુકાતી હતી. ધુળેટી-રક્ષાબંધન-નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોના અવસરે અહીં વિશેષ ભીડ રહેતી. ટેલરિંગ કામની કોઈ ડિગ્રી વિના માત્ર કોઠાસૂઝથી તેઓ ડ્રેસ ડિઝાઈન કરી આપતા અને લોકોની ચાહનના પામતા. શહેરના કલાકારો માટે તો આ સ્થળ ધમાલ-મસ્તી અને વાતો માટે મળવાનું એક આદર્શ સ્થળ બની રહ્યું હતું. એમાંયે જયારે માધવીભાભીની બહેનપણી બીના અહીં આવે તો જાણે હાસ્ય અને પોઝીટીવીટીનું તોફાન લઈને આવે.

નવરાત્રીના દિવસો આડે હવે ગણતરીના દિવસો બાગકી હતા. ધ્વનિ એના ડેડી સાથે માધવીભાભીની ગ્રામ હાટ પર ગઈ હતી. વાત વાતમાં એમને નાનકડી દીકરીને પુછ્યું ''બેટા, નવરાત્રીમાં ગરબા રમશો ને!'' એટલે ધ્વનિએ ઉત્સાહથી કહ્યું, ''હા, મમ્મીએ ચણીયા-ચોળી તૈયાર કરાવી રાખ્યા છે, મને ગરબે ઘુમવું બહુ ગમે.''

''કેટલા ચણીયા-ચોળી છે તારી પાસે? ધ્વનિએ ઉત્સાહથી જવાબ આપ્યો.'' આન્ટી, મારી પાસે ચાર ચળીયા-ચોળી છે.'

થોડીવાર પછી જયારે ત્યાંથી નીકળ્યા તો માધવીભાભીએ ધ્વનિને કહ્યું, ''કાલે ફરી મમ્મી-પપ્પાને લઈને આવજે. મારે કામ છે!!''

બીજા દિવસે ધ્વનિને લઈને એના મમ્મી - ડેડી તો ત્યાં નાનકડી દીકરીનું ચણીયા ચોળીનું માપ લેવા કારીગર હાજર હતો. અને બે દિવસ પછી તો પાંચ સરસ મજાના ચણીયાચોળી ધ્વનિના ઘરે પહોંચી ગયા. એના ડેડી-મમ્મી ગ્રામહાટ પર ગયા અને કહ્યું કે, ''ભાભી, તમે ગિફટ આપો તો એકાદ આપો,'' ''તો વાતને ત્યાં જ અટકાવતા માધવીભાભીએ કહ્યું'' નવરાત્રીના દિવસો નવ હોય તો પછી આ દીકરીના ચળીયા-ચોળીની જોડ પણ નવ જ હોવી જોઈએ ને!'' અને પછી ધ્વનિને વહાલથી કહ્યું, ''બેટા, દીકરીઓ તો સાક્ષાત્ આદ્યશક્તિનું જ સ્વરુપ હોય છે, નવરાત્રીના નવે નવ દિવસ શણગાર સજીને ખૂબ ગરબે રમજો...''

૧૫-૧૭ વર્ષ પહેલાની આ ઘટના ફરી આજે તાજી થઈ કારણ કે એ પાંચ ચણીયા ચોળીની જોડમાંથી એક-બે મનીષાએ યાદગીરી સ્વરુપે સાચવ્યા હતા. એમાંથી હવે તો અભ્યાસ પૂર્ણ કરીને કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે જોબ કરતી ધ્વનિએ એક ડીઝાઈનર ટોપ કરાવ્યું હતું.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવાની ઉંમરે પોતાને માધવી આન્ટીએ આપેલી એ ભેટ વસ્તુરુપે આન્ટીએ એનાથી વધુ લાગણીરુપે ધ્વનિના અને એના મમ્મી-ડેડીના હૈયામાં સચવી હતી એનો આનંદ એ ત્રણેને હતો. અને આનંદની એ અનુભૂતિ માધવીભાભીને જયારે ફોન પર મનીષાએ કહી ત્યારે એમને પણ વર્ષો પહેલા બનેલી એ ઘટનાના મીઠા સંભારણા આનંદથી સભર કરી ગયા.

પાંચમા કે છઠ્ઠા ધોરણમાં ભણતી એક નાનકડી દીકરીને એના મમ્મી-ડેડીના મિત્ર તરફથી મળેલી એક પ્રાસંગિક ભેટ યુવાન વયે એના હૃદયમાં પોઝીટીવીટીનું અને લાગણીનું કેટલું સરસ હકારાત્મક વાતાવરણ ઊભું કરે છે. એનો ખ્યાલ પ્રસ્તુત ઘટનામાંથી મળે છે. નવરાત્રીના દિવસ નવ હોય તો પછી એને અનુરુપ વસ્તુઓની જોડ પણ નવ જ હોય ને! એવી એક સાહજિક ભાવનામાંથી અપાયેલી ભેટ બીજા માટે કશુંક આપવાની ઉત્કટ ચાહનાથી જ સર્જાય છે.

આપણા રોજિંદા જીવનમાં પ્રાસંગિક અપાતી ભેટ માત્ર વ્યવહાર ન બનતાં એમાં લાગણીનો - આનંદનો ભાવ સમાય છે ત્યારે એ ભેટ મીટા સંભારણા અને યાદગીરી બની જાય છે. કોઈને કશુંક આપીએ છીએ ત્યારે આપણે પણ સાત્ત્વિક આનંદથી સભર બનીએ છીએ. આપવાનો આનંદ અનેરો હોય છે. દેશ-વિદેશ ફરવા જઈએ ત્યારે ત્યાંથી મિત્રો કે સ્વજનો માટે કોઈ વસ્તુ લાવીએ અને એમને આપી ત્યારે એનો અર્થ એ નથી કે લેનાર પાસે એ વસ્તુ નથી અથવા એ લેવાની ક્ષમતા નથી. પરંતુ આપનાર જયારે આપે છે ત્યારે એવા ભાવથી આપે

અનુસંધાન પાના નં. ૭ પર